પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૦ | ૨૦ ઓક્ટોબર, ૨૦૨૧, બુધવાર; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ઉત્તરાખંડમાં આફતનો વરસાદ

ભારે વરસાદથી ૩૯ના મોત : નૈનિતાલમાં ભૂસ્ખલનથી પાંચનાં મોત, નદી-નાળાં ઊભરાયા : નૈનીતાલ સહિત અનેક પ્રવાસન વિસ્તારોમાં પ્રવાસીઓ ફસાયા, એસએસપી પ્રીતિ પ્રિયદર્શિનીએ જણાવ્યું હતું કે કેટલાક ઘાયલોને બચાવી લેવામાં આવ્યા છે

દહેરાદૂન, તા.૧૯

ઉત્તરાખંડમાં સતત ત્રીજા દિવસે કુદરતનો કહેર જારી છે. નૈનીતાલમાં વાદળ ફાટવાના કારણે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા છે. ચારધામ યાત્રા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમજ ભૂસ્ખલનને કારણે ૫ લોકોના મોત થયા છે. ભારે વરસાદના કારણે લોકોનું જીવન મુશ્કેલ બની ગયું છે. નદી નાળાઓ ખતરાના નિશાનથા ઉપર વહી રહ્યા છે. નૈનીતાલ સહિત અનેક પ્રવાસન વિસ્તારોમાં પ્રવાસીઓ ફસાયેલા છે. અહીં ઝીલનું પાણી રોડ પર વહેતા જોવા મળી રહ્યા છે. દરમિયાન, હવામાન વિભાગે ઉત્તરાખંડમાં આગામી ૪૮ કલાક માટે એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે અત્યારે વરસાદથી કોઈ રાહત મળવાની નથી. ઉત્તરાખંડમાં જળપ્રલયથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બેચેન છે. તેમણે સીએમ પુષ્કર સિંહ ધામી અને મંત્રી અજય ભટ્ટ સાથે ફોન પર વાત કરીને રાજ્યમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવ્યો છે. નૈનીતાલ જિલ્લાના રામગઢ ગામમાં વાદળ ફાટવાના અહેવાલ છે. અહીં ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચીને રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે. એસએસપી પ્રીતિ પ્રિયદર્શિનીએ જણાવ્યું હતું કે કેટલાક ઘાયલોને બચાવી લેવામાં આવ્યા છે, જોકે વાસ્તવિક સંખ્યા હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ દરમિયાન ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે સીએમ પુષ્કર ધામી સાથે ફોન પર વાત કરી. તેમણે ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતના યાત્રાળુઓને જરૂરી મદદ પૂરી પાડવાની ખાતરી આપી છે. મુખ્યમંત્રીની સૂચનાને પગલે ગુજરાત સરકારના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હેલ્પલાઈન નંબર (૦૭૯-૨૩૫૨૫૦૦) જાહેર કરવામાં આવ્યા છે જેથી પહાડી રાજ્યમાં ફસાયેલા ગુજરાતના યાત્રાળુઓનો સંપર્ક કરી શકાય. અવિરત વરસાદથી ભૂસ્ખલનને કારણે નૈનીતાલને અન્ય રાજ્યો સાથે જોડતા હલદવાણી, કાલાઢુંગી અને ભવલી રસ્તા બંધ થઈ ગયા છે. નૈનીતાલમાં ડીએમ નિવાસસ્થાન પણ ભૂસ્ખલનની ઝપેટમાં આવી ગયું છે. મોટાભાગના નાળાઓ પાણીથી ઉભરાયા છે. નૈની ઝીલનું પાણી તલ્લીતાલના મોલ રોડ અને દોથ રોડ પર આવી ગયા છે. જેના કારણે લોઅર મોલ રોડ પર આવેલા મકાનોમાં પણ પાણી ઘૂસ્યા છે. મલ્લીતાલમાં સ્થિત નૈના દેવીના મંદિર પરિસરમાં પણ નૈની ઝીલનું પાણી ભરાયું છે.

ચારધામ યાત્રા કરવા ગયેલા ગુજરાતીઓ ફસાયા

ગંગોત્રી પાસે નેતાલમાં અનેક પ્રવાસીઓ ફસાયા, ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપુર જેવી સ્થિતિ, મોટાભાગના ગુજરાતી પ્રવાસી ઉત્તરકાશીમાં ફસાયા

નવી દિલ્હી,તા.૧૯

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામની યાત્રાએ નીકળેલા ગુજરાતના સેંકડો પ્રવાસીઓ અધવચ્ચે અટવાઇ ગયા છે. ઉત્તરાખંડ સરકારે રેડ એલર્ટ જાહેર કરતાં પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડાયા છે. ઉત્તરાખંડમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી હોવાથી ચારધામ યાત્રા અટકાવી દેવાઈ છે. ગુજરાતના સેંકડો યાત્રિકો ઉત્તરકાશી, નેતાલા અને આસપાસના વિસ્તારોમાં અટવાઇ ગયા છે. હવામાન વિભાગે રાજ્યમાં ત્રણ દિવસ સુધી ભારે વરસાદની આશંકા વ્યક્ત કરી છે. તેવામાં વિભાગનું પૂર્વાનુમાન સાચુ સાબિત થયું છે. ગઈકાલ રાતથી રુદ્રપ્રયાગ, ચમોલી અને ઉત્તરકાશીમાં વરસાદ પડી રહ્યો છે. તો આજે આ જનપદોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેવામાં સાવચેતીરૂપે કેદારનાથ અને બદરીનાથની યાત્રા અસ્થાયી રીતે રોકી દેવામાં આવી છે. તંત્રએ ચારધામ યાત્રીઓને વરસાદમાં યાત્રા ન કરવાની અપીલ કરી છે. સાથે જ યાત્રીઓને તમામ યથાસ્થન પર રોકાવવા કહેવામાં આવ્યું છે. જિલ્લાધિકારી મનુજ ગોયલે જણાવ્યું હતું કે, હવામાન એલર્ટ અંગે ભારે વરસાદની સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

રાજૌરીમાં સેના સાથેની અથડામણમાં છ આતંકી ઠાર

સેનાના ૯ જવાનોની શહાદત બાદ સેનાનું ઓપરેશન : સેનાને રાજૌરી સેક્ટરના જંગલમાં મોટી સફળતા મળી, હજુય કેટલાક આતંકીઓના છુપાયા હોવાની આશંકા

શ્રીનગર, તા.૧૯

જમ્મુ કાશ્મીરમાં સેનાના ૯ જવાનોની શહાદત બાદ સેનાએ સર્ચ ઓપરેશન તેજ કરી દીધુ છે. આ વચ્ચે રાજૌરી સેક્ટરમાં મોટી ખબર સામે આવી છે. અહીં જવાનોએ લશ્કરના ૬ આતંકીઓને મારી દીધા છે. મંગળવારે સેનાએ રાજૌરીના જંગલોમાં પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાના ૬ આતંકીઓને ઠાર

માર્યા. રાજૌરીના જંગલોમાં આતંકવાદીઓની સાથે અથડામણમાં ભારતીય સેનાના નવ સૈનિકોને ખોયા બાદ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે ૧૬ ઓક્ટોબરે વિસ્તારની મુલાકાત કરી. તેમણે આ દરમિયાન આતંકવાદ વિરોધી અભિયાનને સંભાળનારા સ્થાનિક કમાન્ડરની સાથે ચર્ચા કરી હતી. કાશ્મીરમાં ચાલી રહેલી ટારગેટ કિલિંગ બાદ સેનાએ આતંકીઓના સફાયાને લઈને ચલાવવામાં આવી રહેલા ઓપરેશનને વધુ તેજ કરી દીધુ છે. આ વચ્ચે સેનાને રાજૌરી સેક્ટરના જંગલમાં એક મોટી સફળતા મળી છે. સેનાએ અહીં લશ્કરના ૬ આતંકીઓને મારી નાખ્યા છે. હજુ કેટલાક આતંકીઓના છુપાયા હોવાની આશંકા છે. સર્ચ અભિયાન હાલ ચાલુ છે.

ભારતીય સેનાના એક કમાન્ડરે જણાવ્યુ, અમારા સૈનિકોની શહાદતનુ કારણ એ હતુ કે આતંકી જંગલમાં છુપાઈને ઑપરેશન ચલાવાઈ રહ્યુ હતુ.

આર્યન ઘરે ન આવે ત્યાં સુધી મન્નતમાં મીઠાઈ નહી બને

મુંબઈ, તા.૧૯

શાહરૂખ ખાન અને ગૌરી ખાનના દીકરા આર્યનની ધરપકડના સમાચાર દેશભરના લોકો માટે આંચકા સમાન હતી. ૨ ઓક્ટોબરે મુંબઈથી ગોવા જઈ રહેલી ક્રૂઝમાં થનારી ડ્રગ્સ પાર્ટીમાં દરોડા પાડીને એનસીબીના અધિકારીએ તેની ધરપકડ કરી હતી. પરિવાર આર્યનને જામીન અપાવવા માટે પૂરતા પ્રયાસ કરી રહ્યો છે પરંતુ તેનો આદેશ ૨૦ ઓક્ટોબર સુધી મુંબઈ સેશન્સ કોર્ટમાં અનામત છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ પ્રમાણે, ગૌરીએ તેના બંગલો મન્નતના સ્ટાફને જ્યાં સુધી આર્યન ઘરે ન આવે ત્યાં સુધી કોઈ મીઠાઈ ન બનાવવા માટેની સૂચના આપી છે. રિપોર્ટ પ્રમાણે, બપોરે જમવાના સમયે સ્ટાફ રસોડામાં ખીર બનાવી રહ્યો હોવાનું ગૌરીના ધ્યાનમાં આવ્યું હતું અને તેણે તરત જ તેમને અટકાવ્યા હતા, આ સિવાય આર્યન ખાન મુક્ત ન થાય ત્યાં સુધી કોઈ પણ મીઠાઈ ન બનાવવાનો આદેશ આપ્યો હતો.

સોશિયલ મીડિયાની પોસ્ટથી હિંદુઓ વિરુધ્ધ ભીડ ભડકી

બાંગ્લાદેશમાં અલગ-અલગ ભાગમાં હિંસા ભડકી : હુલ્લડની શરૂઆત ૧૩મીએ થઈ, કોમિલ્લાના દુર્ગા પંડાલ વિશે અફવા ઉડી કે ત્યાં કુરાનને રાખવામાં આવ્યું છે

ઢાકા, તા.૧૯

બાંગ્લાદેશના અલગ-અલગ ભાગ અત્યારે હિંસાની આગમાં સળગી રહ્યા છે. જેમાં પહેલા દુર્ગા પૂજા પંડાલ, પછી મંદિર અને હવે હિંદુઓના ઘરને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ હિંસાની શરૂઆત એક અફવાથી થઈ, જે બાદ અત્યાર સુધી ૬ લોકોના જીવ ગયા છે. સેંકડો ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. રંગપુરમાં ૨૯થી વધારે હિંદુઓના ઘર સળગાવવામાં આવી ચૂક્યા છે ત્યાં ૬૬ માં તોડફોડ થઈ છે. બાંગ્લાદેશમાં હિંદુઓ વિરૂદ્ધ આ હુલ્લડની શરૂઆત ૧૩ ઓક્ટોબરે કોમિલ્લા જિલ્લાથી થઈ. કોમિલ્લા જિલ્લાના એક દુર્ગા પંડાલ વિશે સોશ્યલ મીડિયા પર અફવા ઉડી કે ત્યાં કુરાનને રાખવામાં આવ્યુ છે અને તેનુ અપમાન કરવામાં આવ્યુ છે. જે બાદ પહેલા દુર્ગા પંડાલોને

નિશાન બનાવવામાં આવ્યુ છે. આ દરમિયાન રંગપુરમાંથી એક હિંદુ યુવકે કથિતરીતે ધાર્મિક ભાવનાઓને ભડકાવવાની કોઈ પોસ્ટ કરી દીધી, જે બાદ રંગપુર સુધી હિંસા ફેલાઈ ગઈ. હિંસાની આગ મંદિર અને હિંદુઓના ઘર સુધી પહોંચી ગઈ. ફેસબુક પોસ્ટ કરનાર હિંદુ શખ્સને સોમવારે ધરપકડ કરાઈ હતી. જે બાદ રંગપુરમાં હિંદુઓના ઘર સળગાવનાર ૪૫ આરોપીઓની પણ ધરપકડ થઈ.

હું ઘણીવાર બાથરૂમમાં છુપાઈને રડું છું : બ્રાઝિલના રાષ્ટ્રપતિ

કોરોના પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહ્યાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૯

બ્રાઝિલમાં કોરોના વાયરસની મહામારી પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહ્યા હોવાના આરોપોનો સામનો કરી રહેલા બ્રાઝિલના રાષ્ટ્રપતિ જૈર બોલ્સોનારોએ નવો દાવો કર્યો છે. તેમનુ કહેવુ છે કે, હું

બાથરૂમમાં છુપાઈને રડુ છું અને જ્યારે પણ આકરો નિર્ણય લેવાનો હોય છે ત્યારે હું આવુ જ કરુ છું. બોલ્સોનારો સામે બ્રાઝિલમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. કોરોનાના કારણે દેશમાં મચેલી તબાહી વચ્ચે એક કાર્યક્રમમાં બોલ્સોનારોએ કહ્યુ હતુ કે, હું ઘણી વખત ઘરમાં બાથરૂમમાં જઈને રડતો હોઉં છું. મારી પત્નીએ મને રડતા જોયો નથી. તે સમજે છે કે હું બહુ શક્તિશાળી વ્યક્તિ છું. તેમણે આગળ કહ્યુ હતુ કે, હું સાંસદોને પૂરા સન્માન સાથે કહેવા માંગુ છું કે, જો તેઓ વોટ આપવાનુ ભુલી પણ જાય તો તેનાથી કશુ પ્રભાવિત નહીં થાય. મારા નિર્ણયો લોકો પર અસર પાડી શકે છે. તેનાથી શેરબજાર, ડોલર અને પેટ્રોલના ભાવ બદલાય છે. ઉલ્લેખનીય છે કે, બ્રાઝિલમાં ૬ લાખથી વધુ લોકોના કોરોનામાં મોત થયા છે. દેશમાં મોંઘવારી અને બેકારી વધી જવાથી લોકો પરેશાન છે. આગામી ચૂંટણી પહેલાના સર્વેમાં કહેવાયુ છે કે, બોલ્સોનારો બહુ ખરાબ રીતે ચૂંટણી હારી શકે છે.

હવે, મહામારી ખતમ થવા જઈ રહી છે : આરોગ્ય તજજ્ઞો

ત્રીજી લહેરનો ખતરો ઓછો : કેટલાંક વાયરોલોજિસ્ટ્સ અને ડોક્ટર્સે સલાહ આપી હતી કે ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં ત્રીજી લહેર આવશે

બેંગાલુરૂ,તા.૧૯

હાલ કોવિડ-૧૯ સંક્રમણની કોઈ નવી લહેરના સંકેત જોવા મળી રહ્યા નથી. જેના કારણે પહેલી અને બીજી લહેરના સમયગાળાના આધારે કેટલાંક વાયરોલોજિસ્ટ્સ અને ડૉક્ટર્સે સલાહ આપી હતી કે, ઓક્ટોબર-નવેમ્બરમાં ત્રીજી લહેર આવશે. તો હેલ્થ એક્સપર્ટ્સની સલાહ છે કે, કોરોના મહામારી ખતમ થવા જઈ રહી છે. હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે, ઓક્ટોબરના મધ્ય સુધી કરવામાં આવેલા જીનોમીક સીક્વન્સીંગ અને અન્ય અભ્યાસોથી સામે આવ્યું છે કે, વાયરસના પરિવર્તનના કોઈ સંકેત નથી અને નવો વેરિઅન્ટ પણ સામે આવ્યો નથી. સાથે જે સંક્રમણ થઈ શકે છે જે મોટા ભાગે હળવું હોય છે અને આ કેસ ઓછા હોવાની સંભાવના છે. જો કે, સરકાર અને નિષ્ણાંતોએ નાગરિકોને આગામી વર્ષના ફેબ્રુઆરી મહિના સુધી કોવિડના વર્તનને સુનિશ્ચિત કરવા માટે આગ્રહ કર્યો છે કે જ્યારે ટારગેટ વસતીને સંપૂર્ણપણે રસી આપવામાં આવે એવી આશા છે. હેલ્થ કમિશનર રણદીપ ડીનું કહેવું છે કે, જીનોમિક સીક્વન્સીંગ સાવધાનીપૂર્વક કરવામાં આવી રહી છે અને દરરોજ ૧૦ ટકા પોઝિટિવ સેમ્પલનો અભ્યાસ કરવામાં આવે છે. સારી વાત એ છે કે, કોવિડ-૧૯ના નવા વેરિઅન્ટને લઈને કોઈ પુરાવા નથી. આ સિવાય અનેક નિષ્ણાંતો મહામારીના નવા પ્રકોપને પણ નકારી રહ્યા છે. જીછઈજી-ઝ્ઝફ-૨ના જીનોમીક સીક્વન્સીંગના નોડલ ઓફિસર ડો. વી. રવિએ જણાવ્યું કે, અભ્યાસ જણાવે છે કે સંક્રમણ કોરોના વાયરસના ડેલ્ટા વેરિઅન્ટ સુધી સિમીત છે અને તે પણ ઘટી રહ્યા છે. દેશમાં ચાલી રહેલા રસીકરણના કારણે તે તીવ્રતા ગુમાવી ચુક્યુ છે અને એક મ્યુટેશનની શક્યતા કે જે નવો વેરિઅન્ટ હોય તેની શક્યતા ઓછી જણાઈ રહી છે. તેમનું કહેવું છે કે, દક્ષિણ અમેરિકા અને સાઉથ આફ્રિકા સુધી સિમીત એમયુ અને સી.૧.૨ જેવા નવા સંક્રમણ ભારતમાં દેખાય એ શક્યતા નથી. એટલું જ નહીં જો નવો વેરિઅન્ટ છે તો તે ડેલ્ટા અને ડેલ્ટા પ્લસની જેમ ઘાતક હોવાની શક્યતા પણ ઓછી છે કે જેના કારણે બીજી લહેર આવી હતી. કારણકે રસીકરણના લીધે સુરક્ષા સાબિત થઈ ગઈ છે. હેલ્થ કમિશનર રણદીપ ડીનું કહેવું છે કે, જો કે, હજુ પણ આપણે વધારે સાવધાન રહેવાની જરૂર છે અને કોવિડના નિયમોનું ચુસ્ત પાલન કરવું જોઈએ.

યુપીમાં વરસાદમાં માછલીઓ પડતાં સર્જાયો ભયનો માહોલ

પૂર્વી ઉત્તર પ્રદેશના ભદોહીની ચોંકાવનારી ઘટના

નવી દિલ્હી, તા.૧૯

વરસાદમાં કરા પડવા એવુ સાંભળ્યુ હશે અને બધાએ ક્યારેક ને ક્યારેક કરાનો વરસાદ પડતો તો જોયો જ હશે. આ ઘટના પૂર્વી ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લાની છે જ્યાં સોમવારે ભારે પવન સાથે થયેલા વરસાદમાં માછલીઓ પડવાથી લોકો કોઈ અનહોનીની આશંકાથી ડરી ગયા. આકાશમાંથી માછલીઓ પડવા લાગી તો હડકંપ મચી ગયો. લોકો ચોંકી ઉઠ્યા. વૈજ્ઞાનિક અને હવામાનના જાણકાર આને સાધારણ ઘટના માની રહ્યા નથી. જોકે કેટલાક લોકોનુ કહેવુ છે કે વિસ્તારમાં ચક્રવાતી હવાની સાથે નિમ્ન દબાણ બનવાના કારણે ક્યારેક-ક્યારેક એવી ઘટનાઓ થઈ શકે છે. રિપોર્ટ અનુસાર ભદોહીના કંધિયા ફાટક સ્થિત યાદવ બસ્તી નજીક સોમવારે વરસાદ સાથે માછલીઓ પડવાથી લોકો પરેશાન થઈ ગયા.

● અનુસંધાન પાન-૭ પર